# ધાર્મિક અને સામાજિક જીવનના સુધારક એઝરા

## (ફાધર વર્ગીસ પોલ)

પુરોહિત એઝરા ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં યહૂદી પ્રજાની ધાર્મિક શ્રદ્ધા અને સામાજીક માળખાને વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપનાર એક અનોખી વ્યકિત હતા. એઝરા વિશેની ઘણી બધી માહિતી આપણને બાઈબલના એઝરા અને નેહમ્યા નામના બે નાના ગ્રંથોમાંથી મળે છે. મૂળ વતનમાંથી નિર્વાસિત થયેલી યહૂદી પ્રજાને સંગઠિત કરવામાં અને તેને પોતાના વતનમાં પાછા લાવવામાં પુરોહિત એ ઝરાનો આગવો ફાળો છે.

ઈતિહાસની દષ્ટિએ રાજાઓના બીજા ગ્રંથમાં જણાવ્યું છે તેમ બાબિલના રાજા નબૂખદનેસ્સર પોતે ત્યાં આવી પહોંચ્યો. બાબિલના રાજા નબૂખદનેસ્સર પોતે ત્યાં આવી પહોંચ્યો. બાબિલના રાજાએ ઈ.સ. પૂર્વે 597માં યહૂદાના રાજા યહોયાકીન અને એના બધા અમલદારોએ મળીને કુલ દસ બજાર જણને કેદ કરીને બાબિલમાં દેશવટે દીધો. રાજા નબીખદનેસ્સરે રાજનગરી યરુશાલેમ અને ત્યાંના પવિત્ર મંદિરનો નાશ કરાવ્યો. વળી, તેણે યહૂદાના સાત હજાર અગગણ્ય માણસોને, એક હજાર લુહારો અને કારીગરોને જે બધા જીવન બળવાન અને યુદ્ધે ચડી શકે એવા હતા તેને બાબિલમાં દેશવટે લઈ ગયો. આ રીતે યહુદા રાજ્યનો અંત આવ્યો.

ત્યાર બાદ ઈ.સ. પૂર્વે 539માં પારસના રાજા કોરેશે ચડાઈ કરીને બાબિલનો કબજો કર્યો અને રાજા કોરેશના અમલમાં પ્રથમ વર્ષે જ રાજભરમાં ઢંઢેરો પિટાવીને બાબિલમાં વસતા યહૂદીઓમાં જેને જવું હોય તેમને યરુશાલેમ પાછા ફરવા અને ત્યાં મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો હુકમ ફરમાવ્યો.

ચાલીસેક હજાર યહૂદીઓ બાબિલમાંથી પોતાના વતન યહૂદામાં પાછા ફર્યા. તેમણે મંદિરને ફરી બાંધવાનું કામ ઉપાડયું. પારસના રાજાના અમલ દરમિયાન બાબિલમાં રહેલી યહૂદી પ્રજાની આબાદી થઈ રહી અને દેખીતી રીતે કેટલાક યહૂદી આગેવાનોએ રાજ્યમાં ઉચ્ચ હોદ્દા પણ મેળ્વયાં.છતાં તેઓ ઈઝકિયેલ જેવા પયંગબરોના પ્રેર્યા પોતાના યહૂદી ધર્મ અને રીતરિવાજોને વફાદાર રહ્યા. આમાં યહૂદી ધર્મના પંડિત અને આચાર્ય એવા એઝરાની આગેવાની હેઠળ બાબિસના યહૂદી પ્રજા વતનમાં પાછા ફરેલા દેશવાસીઓના સંપર્કમાં રહ્યા અને યરુશાલેમમાં મંદિર ફરી બાંધવા માટેનું ભંડોળ ભેગું કરીને મદદ કરતા રહ્યા.

વર્ષો પછી પારસના આર્તાહશાસ્તાના અમલ દરમિયાન એઝરા પોતે યરુશાલેમ આવી પહોંત્યો. એઝરા વિશે બાઈબલ નોંધે છે, “ઈસાયલના ઈશ્વર પ્રભુએ આપેલી મોશે-સંહિતાનો તે મોટો પંડિત હતો. તેના ઉપર તેના ઈશ્વર પ્રભુના ચારે હાથ હતા, તેથી તે જે કંઈ માગોતો તે બધું રાજા તેને આપતો.” એઝરાએ પોતાના સ્વેદેશમાં પાછા ફરવા માટે ઘણા યહૂદીઓને પણ ભેગા કર્યા. એટલું જ નહિ પણ સમ્રાટ આર્તાહશાસ્તા પાસેથી વટહુકમનો પત્ર પણ મેળવ્યો. પોતાના પત્રમાં રાજા આર્તાહશાસ્તાએ લખ્યું છેઃ

"હું આથી આજ્ઞા ફરમાવું છું કે મારે રાજ્યમાંના ઈસાયલીઓમાંથીસ તેમના પુરોહિતોમાંથી કે લેવીઓમાંથી જે કોઈ પોતાની રાજીખુશીથી યરુશાલેમ જેવા ઈચ્છે તેમને તારી સાથે જવા દેવા. મેં અને મારા સાત વજીરોએ તારા ઈશ્વરની જે સંહિતા તારી પાસે છે તેની બાબતમાં યહદામાં અને યરુશાલેમમાં શી સ્થિતિ છે તે તપાસવા માટે તને મોકલ્યો છે. વળી, મૈં અને મારા વજીરોએ યરુશાલેમમાં જેનું ધામ છે એવા ઈસાયલના ઈશ્વરને સ્વેચ્છાએ ધરાવેલ સોનું અને ચાંદી તેમજ બાબિલમાંથી તને જે સોનું અને ચાંદી મલે, તથા યરુશાલેમમાંના તેના મંદિરને માટે લોકો અને પુરોહિતો સ્વેચ્છાએ જે ભેટ આપે, તે બધું તારે સાથે લઈ લેવાનું છે. આ ફરમાન મુજહ તારે આ નાણાં ફક્ત યરુશાલેમના મંદિરમાં ચડાવવાનાં વાછડાં, ઘેટાંબકરાં અને અન્નબલિ અને પેયબલિ ખરીદવા માટે જ વાપરવામાં આવે છે. જે કંઈ સોનું-ચાંદી વધે તેનો ઉપયોગ તમારા ઈશ્વરની ઈચ્છાનુસાર તને અને તારા જાતભાઈઓને ઠીક લાગે તે રીતે કરવો. તમારા ઈશ્વરના મંદિરની સેવા પૂજા માટે જે વાસણો તને આપવામાં આવ્યાં છે તે તારે યરુશાલેમના ઈશ્વરને સોંપી દેવાં અને જો તારા ઈશ્વરના મંદિર માટે બીજા કશાની જરૂર પડેલ તો તારે રાજના ભંડારમાંથી લેવું."

વળી, રાજા આર્તાહશાસ્તાએ પાઠેવેલા વટહુકમના પત્ર દ્વારા ફ્રાત પારના પ્રદેશના બધા કોશાધ્યક્ષોને આજ્ઞા ફરમાવી કે તેઓએ પુરોહિત અને સ્વર્ગાધિપતિ ઈશ્વરના શાસ્ત્રના પંડિત એરા જે કંઈ માંગે તે તેમને વિના વિલંબે પુરું પાડવું જોઈએ. વધુમાં રાજા આર્તાહશાસતાએ જણાવ્યું કે, "કોઈપણ પુરોહિત, લેવી, ગાયક, દ્વારપાલ કે મંદિરમાં કામ કરતા કોઈ પણ સેવક ઉપર કરવેરા નાખવાના નથી."

અધૂરામાં પૂરું હોય એ રીતે રાજા આર્તાહશાસ્તાએ પુરોહિત એઝરાને પોતાની રાજ્યસત્તામાં પણ ભાગીદાર બનાવતાં પત્રમાં લખ્યું છે, "એઝરા," તને તારા ઈશ્વરે જે જ્ઞાન આપેલું છે તેનો ઉપયોગ કરીને તારે ફ્રાત નદીની પારના પ્રાંતમાં વસતા તારા ઈશ્વરના શાસ્ત્રને માનનારા બધાં લોકોનો ન્યાય ચૂકવવા માટે કાજીઓ અને લવાદો નીમવાના છે અને તારે અને તેમણે મળીને જેઓ તે શાસ્ત્ર જાણતા નથી તેમને શીખવવાનું છે, જે કોઈ તારા ઈશ્વરના અને રાજાના નિયમોનું પાલન ન કરે તેને વગર વિલંબે મોતની કે દેશનિકાલની કે મિલકત કબજે કરી લેવાની કે કેદની સજા કરવી.

એઝરા ગ્રંથના આઠમા અને નવમાં અધ્યાયોમાં પુરોહિત એઝરાની રોજનીશી છે. એમણે પોતાની સાથે સ્વેદશમાં પાછા ફરવા માટે કેવી રીતે વિવિધ યહૂદી કુળોના લોકોને ભેગાં કર્યાઃ લાંબી મુસાફરી કોને અને કેની જવાબદારીઓ સોંપી, કેટલા બધા લોકો એની સાથે સ્વેદેશમાં પાછા ફર્યા અને યરુશાલેમ પહોંચીને તેઓએ શું શું કર્યું એવી બધી વિગતો આપણને એમાંથી મળે છે. પુરોહિત એઝરા અને સાથીદારોએ યરુશાલેમ પાછા ફરીને પોતે બાબિલમાંથી લાવેલાં સોનું, ચાંદી અને વાસણો, ઈશ્વરના મંદિરમાં પુરોહિત મરેમોથ બિન ઉરિયાને જોખી આપ્યાં.

પછી રાજા આર્તાહશાસ્તાએ એમને સોંપેલી સત્તાની રૂએ તેમણે ધાર્મિક નવજાગૃતિ અને સમાજસુધારામાં કામો હાથ ધર્યા. તેમણે સૌ પ્રથમ બધી યહૂદી પ્રજાને યરુશાલેમમાં ભેગી કરી. એઝરાનું મુખ્યકામ ધાર્મિક નીતિનિયમો ચુસ્ત પાલન સાથે સામાજિક અને પ્રજાકિય અસ્મિતા પ્રગટાવવાનું હતું. એમણે જોયું કે દેશવટામાંથી પરત આવેલા ઘણા યહૂદીઓ અને તેમના આગેવાનો તથા પુરોહિતો પણ

ઈત્તર ધર્મના લોકો સાથે ભળી જઈને એમની દીકરીઓ સાથે લગ્ન કર્યું છે અને પોતાની દીકરીઓ લગ્નમાં બિનયહૂદી લોકોને આપી છે. આ જાતના પરધમીર્ય લોકો સાથેના સંબંધોને તોડી પોતાની પ્રજાની આગવી યહૂદી અસ્મિતા પુનઃસ્થાપિત કરવાનો એઝરાએ મક્કમ નિર્ધાર કર્યો.

યહૂદી સમાજમાંથી તેનો બહિષ્કાર કરવાના અને તમામ માલમિલકત જપ્ત કરવાની શિક્ષાની બીક બતાવીને યરુશાલેમમાં ભેગી કરેલી બધી યહૂદી પ્રજાને પુરોહિત એઝરાએ કહ્યું, તમે વિધર્મી સ્ત્રીઓને પરણીને પ્રભુને છેહ દીધો છે અને ઈસાયલના અપરાધમાં વધારો કર્યો છે. માટે હવે તમારા પૂર્વજોના ઈશ્વર પ્રભુ આગળ પાપની કબૂલાત કરો અને તેની ઈચ્છાને અનુસરીને વિધર્મી વસ્તીથી અને તમારી વિધર્મી પત્નીઓથી અલગ થઈ જાઓ.

ગણ્યાંગાઠયાં લોકોનો અપવાદ બાદ કરતાં દેશવટેથી પાછા ફરેલા બધા લોકોએ પુરોહિત એઝરાની વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું. “જરૂર, તમે કહો છો તે પ્રમાણેઁ કરવું જ જોઈએ. પછી વિધર્મી સ્ત્રીઓને અને તેમનાં બાળકોને વ્યવસ્થિત રીતે યાદી બનાવી કાઢી મૂકવામાં તેમને બે મહિના લાગ્યા.”

ત્યાર પછીનાં તેરેક વર્ષ દરમિયાન પુરોહિત એઝરાની કોઈ વાત મળતી નથી. પરંતુ તે અરસામાં પારસના સમ્રાટ તરફથી યહૂદાનો સૂબો નિમાઈને નહેમ્યા સ્વદેશ યહુદામાં પાછા આવે છે. તેઓ યરુશાલેમનો પડી ભાંગેલો કોટ ફરી બાંધવા અને અનેક ધાર્મિક અને સામાજિક સુધારાનાં કામો હાથમાં લે છે. એમાં લોકો વચ્ચે ધાર્મિક કાયદાઓ અને નીતિનિયમોને પ્રસ્થાપિત કરવાનું કામ પુરોહિત એઝરા પોતાના માથે લે છે.

યરુશાલેમમાં પાણી દરવાજા સામેના ચોગાનમાં ભેગાં થયેલાં બધાં યહૂદી પુરુષો, સ્ત્રીઓ અને સમજણા થયેલાં બાળકો સમક્ષ સવારથી બપોર સુધી એઝરાએ મોશેની સંહિતાની પોથીમાંથી વાંચી સંભળાવ્યું. બાઈબલ નોંધે છે કે, “એઝરાએ મહાન ઈશ્વર પ્રભુની સ્તુતિ કરી અને બધા લોકોએ હાથ ઊંચા કરી અસ્ત, અસ્ત કહીને જવાબ વાળ્યો અને તેમણે પ્રભુને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.”

સંહિતાનાં વચનો સાંભળતાં સાંભળતાં લોકો રડતાં હતાં. તેથી રાજ્યપાલ નહેમ્યાએ તથા પંડિત અને પુરોહિત એઝરાએ બધા લોકોને કહ્યું “આજનો દિવસ પવિત્ર છે. તમારા આશ્વર પ્રભુનો દિવસ છેઃ માટે શોક કે વિલાપ કરશો નહિ. હવે જાઓ, સારું ખાઓ-પીઓ.” એટલે લોકોએ ભારે આનંદથી ઉત્સવ ઊજવ્યો. કારણ, તેમને જે શાસ્ત્રવચનો વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં તે તેઓ સમજતા હતા.

આ રીતે પંડિત અને પુરોહિત એઝરાએ ધાર્મિક અને સામાજિક નીતિનિયમો લોકોને આપીને યહૂદાની પવિત્ર નગરી યરુશાલેમમાં યહૂદી ધર્મનો પાયો નાખ્યો અને યહૂદી પ્રજાની અસ્મિતા પ્રસ્થાપિત કરવામાં આગવો ભાગ ભજવ્યો.